# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદ મનપાની ઢોર પકડવાની ઝુંબેશ માત્ર કાગળ પર હોવાનો સ્થાનિકોનો ઉગ્ર આક્ષેપ

# નડિયાદ શહેરના પીજ ભાગોળમાં બે આખલાના 'યુદ્ધ'થી નાસભાગ મચી

**આખલાઓએ પાર્ક** કરેલી બાઈકોને અડફેટે લેતા ભારે નુકસાન

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૮

નડિયાદ શહેરના અતિ વ્યસ્ત અને હાર્દ સમાન પીજ ભાગોળ વિસ્તારમાં શનિવારે બે હિંસક આખલાઓ સામસામે આવી જતાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભરચક માર્ગ પર આખલાઓએ તાંડવ મચાવતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ લડાઈ દરમિયાન માર્ગની સાઈડમાં પાર્ક કરેલી અનેક બાઈકો આખલાઓની ચપેટમાં આવી જતાં તેને મોટું નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મનપાની નબળી કામગીરીને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદ શહેરના પીજ ભાગોળના ઢાળ પાસે અચાનક આખલાઓ ભીડાતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આસપાસના વેપારીઓ અને રાહદારીઓ પોતાનો જીવ બચાવવા સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા. લડાઈ એટલી



હિંસક હતી કે કેટલાક બાઈક સવારો પણ આખલાઓની અડફેટે આવતા સહેજમાં બચી ગયા હતા. લાંબા સમય સુધી આ વિસ્તારનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને લોકોમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું હતું.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને વેપારીઓએ નડિયાદ મહાનગરપાલિકા પર તીખા પ્રહારો કર્યા છે. લોકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા કરવામાં આવતા ઢોર પકડવાના દાવાઓ માત્ર દેખાડા પૂરતા અને કાગળ પર જ સીમિત છે. વારંવાર આવી ઘટનાઓ ઘટવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. જો આ ઘટનામાં કોઈ મોટી દુર્ઘટના ઘટી હોત, તો તેનો જવાબદાર કોણ હોત તેવો વેધક સવાલ સ્થાનિકો પૂછી રહ્યા છે. રહીશોએ માંગ કરી છે કે મહાનગરપાલિકા માત્ર નાટક કરવાને બદલે રખડતા પશુઓને ડબ્બે પૂરવા માટે કોઈ નક્કર આયોજન કરે.

### નડિયાદના ચંપા તલાવડીના રહીશો નરકાગાર જેવી સ્થિતિ

# નડિયાદમાં ગંદકીની રજૂઆત કરતા ઉદ્ધતાઈભર્યું વર્તન થયું !

**મહાનગરપાલિકાના** સત્તાધીશોની નિષ્ક્રિયતા સામે લોકરોષ

#### કર્મચારી બીમાર હોવાનું બહાનું ધરાયું

અરજદારે સમસ્યાના નિકાલ માટે અન્ય કોર્પોરેટર કાજલ પટેલના પતિનો સંપર્ક કર્યો ત્યારે તેમને એવો ઉડાઉ જવાબ મળ્યો હતો કે સંબંધિત કર્મચારી બીમાર હોવાથી હોસ્પિટલમાં છે. એક કર્મચારીની ગેરહાજરીમાં સમગ્ર પાલિકાનું કામ અટકી પડે તેવી દલીલ લોકોના ગળે ઉતરી રહી નથી, જે તંત્રની લાપરવાહી સૂચવે છે.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 9 ના ચંપા તલાવડી અને જોગણી માતા મંદિર વિસ્તારના રહીશો છેલ્લા ઘણા સમયથી ઉભરાતી ગટર અને બિસ્માર રસ્તાઓની સમસ્યાથી અત્યંત ત્રસ્ત છે. વારંવારની રજૂઆતો છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન, સમસ્યાના ઉકેલ માટે સ્થાનિક અરજદાર અનિલ ઠાકોરે વિસ્તારના કોર્પોરેટર અને ડેપ્યુટી મેયર કલ્પેશ રાવળનો ટેલિફોનિક સંપર્ક સાધતા, ડેપ્યુટી મેયરે તેમની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. જોકે, ડેપ્યુટી મેયર કલ્પેશ રાવળે પોતાના પર લાગેલા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી બચાવ કર્યો હતો. બીજી તરફ, નારાજ અરજદારે અન્ય કોર્પોરેટર મયુર પટેલનો સંપર્ક કરતા તેમણે તાત્કાલિક ફરિયાદ નોંધી યોગ્ય કાર્યવાહીની હૈયાધારણ આપી હતી. સત્તાધીશો વચ્ચે સંકલનનો અભાવ અને પ્રજા પ્રત્યેની સંવેદનહીનતા આ ઘટના પરથી છતી થઈ રહી છે.

આ રજૂઆત વિવાદ વધતા ડેપ્યુટી મેયરે બચાવમાં જણાવ્યું કે નવી ગટર લાઇન માટે રજૂઆત કરી દેવામાં આવી છે.

# પેટલાદ: ખડાણા ગામમાં બોગસ ડોક્ટર પકડાયો

**ઘરની અંદર ચાલતા** ગેરકાયદે દવાખાના પર એલસીબીનો દરોડો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૮

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચ અને તાલુકા આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમે પેટલાદના ખડાણા ગામે દરોડો પાડી કોઈપણ માન્ય ડિગ્રી કે રજિસ્ટ્રેશન વગર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક ૨૮ વર્ષીય બોગસ ડોક્ટરને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

પેટલાદના ખડાણા ગામના ટેકરા ફળિયામાં ઉમંગભાઈ ગિરીશભાઈ શાસ્ત્રી નામનો યુવક પોતાના ઘરે જ કોઈપણ તબીબી લાયકાત કે ગુજરાત મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રેશન વગર ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવી રહ્યો હતો.

આ તપાસ દરમિયાન પોલીસ અને આરોગ્ય વિભાગની



ટીમને સ્થળ પરથી જુદી જુદી એલોપેથિક દવાઓનો જથ્થો (કિંમત રૂ. ૨૨,૨૨૪) અને રોકડા રૂ. ૧,૨૨૦ મળી કુલ રૂ. ૨૩,૪૪૪નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મામલે પેટલાદ રૂલર પોલીસે આરોપી વિરુદ્ધ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ અને ૩૫ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બોગસ ડોક્ટર પકડાવવાનો સિલસિલો શરૂ થયો છે. આ અંગે કડક પગલા ભરવા માગણી ઉઠી છે.

### ખેડા જિલ્લામાં શ્રાવણ મહિનો શરૂ થયા પહેલા જ શોખીનો બાજી માંડવા લાગ્યાં

# નડિયાદના ઘરમાં ચાલતા અડ્ડા પર ૧૪ શખસ જુગાર રમતાં પકડાયાં

**મુખ્ય સૂત્રધાર સહિત** ૧૪ શખ્સોની ધરપકડ, ૭૭,૬૪૦નો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદ શહેરના કનીપુરા નાકા પાસે આવેલા મારવાડીવાસમાં એક રહેણાંક મકાનમાં ચાલતા મોટા પાયે જુગારના અડ્ડા પર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ૧૪ જેટલા ઈસમોને પત્તા પાનાનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન કુલ ૭૭,૬૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદમાં શ્રાવણિયો જુગાર તેની ઋતુ પહેલા જ પૂરબહારમાં ખીલ્યો છે. શહેરના કનીપુરા નાકા વિસ્તારમાં રહેતો જીતુભાઈ ઉર્ફે શત્રુ બાબુભાઈ પોતાના મકાનના ઉપરના માળે બહારથી માણસો બોલાવીને અંગત ફાયદા માટે જુગારધામ ચલાવતો હતો. પોલીસે અચાનક છાપો મારતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે મકાનને ચારે તરફથી કોર્ડન કરી લીધું હોવાથી તમામ ૧૪ આરોપી ઝડપાઈ ગયા હતા.

નડિયાદ પોલીસે દરોડા દરમિયાન દાવ પરથી અને અંગજડતીમાંથી મળેલી કુલ ૩૬,૬૪૦ની રોકડ રકમ તેમજ ૪૧,૦૦૦ની કિંમતના ૧૦ નંગ મોબાઈલ ફોન મળી કુલ ૭૭,૬૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, પકડાયેલા ૧૪ જેટલા માણસોની હાજરી અને નેટવર્ક જોતા આ જુગારધામ લાંબા સમયથી ચાલતું હોવાનું સ્પષ્ટ થાય છે. પોતાના જ રહેણાંક મકાનને જુગારખાનામાં ફેરવી દેનાર મુખ્ય સૂત્રધાર જીતુભાઈ સામે હવે પોલીસ કેવા કડક પગલાં ભરે છે ? તેના પર સૌની મીટ મંડાયેલી છે. આવા તત્વોમાં કાયદાનો ડર બેસાડવા માટે સખત કાર્યવાહી જરૂરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આગામી દિવસોમાં શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે, ત્યારે જુગારી સામે કડક પગલા ભરવા માગ ઉઠી છે.

#### જુગાર રમતા કોણ કોણ પકડાયુ?

જીતુભાઇ ઉર્ફે શત્રુ, અમન અહેમદહુસેન મલેક, અમનશા ઇસ્માઇશા દિવાન, મુસ્તકીમ ઉર્ફે માચો મલેક, કમરૂદ્દીન ઉર્ફે ટાલી અન્સારી, આમીરખાન જાવેદખાન પઠાણ, હશનગુલામ ગુલામનબી શેખ, યાસીનભાઇ યુનુસભાઇ વ્હોરા, શાહરૂખભાઇ સત્તારભાઇ શેખ, વ્રજ ઉર્ફે બપોર રશ્મીકુમાર દવે, પ્રકાશભાઇ ઉર્ફે ભયલુ રાવળ, દિલાવરશા કમરૂશા દિવાન, જીતુભાઇ ઉર્ફે લાલો ઠાકોર, કિશોરભાઇ ઉર્ફે કેવી રાણા

# કરમસદમાં નાણાં પરત માંગતા પાંચનો હુમલો

**યુવક અને તેના મિત્રો** પર લાકડીઓથી હુમલો કરતાં ઘવાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદના કરમસદ - સોજીત્રા રોડ પર આવેલી ગોવર્ધન હોટલ પાસે બુધવારે મોડી રાત્રે ઉધાર આપેલા નાણાંની ઉઘરાણી મુદ્દે હિંસક હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. રુદવેદા એપાર્ટમેન્ટમાં રહેતા અને ગાડીઓ ભાડે આપવાનો વ્યવસાય કરતા મીહીર પટેલે તેના મિત્ર રાહુલ ચાવડાને ૧૫ દિવસ પહેલા નાણાં ઉછીના આપ્યા હતા. આ નાણાંની વારંવાર ઉઘરાણી કરવા છતાં રાહુલે પૈસા પરત કર્યા નહોતા.

દરમિયાનમાં બુધવારની રાત્રે પોણા બારેક વાગ્યે જ્યારે મીહીર તેના મિત્રો કુંજ અને ક્રિષ સાથે ગોવર્ધન હોટલ પાસે ચા પીતો હતો, ત્યારે રાહુલ ચાવડા તેના ચાર સાથીદારો (દક્ષેશ ચાવડા, સુનીલ ઉર્ફે કુરબાની, જૈમીન અને જય સોલંકી) સાથે કારમાં ત્યાં આવી પહોંચ્યો હતો. "કેમ વારંવાર પૈસા માંગે છે?" તેમ કહી ઉશ્કેરાઈને મીહીરને લાફો મારી દીધો હતો અને ત્યારબાદ કારમાંથી લાકડીઓ કાઢી તેના પર તૂટી પડ્યા હતા.

આ હુમલાખોરોએ મીહીરને માથા, બરડા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન તેને બચાવવા વચ્ચે પડેલા તેના મિત્રો કુંજ અને ક્રિષને પણ લાકડીઓથી માર મારવામાં આવ્યો હતો. હુમલા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. હાલમાં ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વિદ્યાનગર પોલીસે આ મામલે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

### આણંદમાં ભાજપનું ત્રિ-દિવસીય પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ





આણંદ જિલ્લા ભાજપ દ્વારા આયોજિત ત્રણ દિવસીય પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રદેશ અગ્રણી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દીપ પ્રાગટ્ય કરી કાર્યકર્તાઓને આપણો ઈતિહાસ અને વિકાસ વિષય પર સંબોધતા સંગઠનશક્તિ અને વિચારધારાના પ્રસાર પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે જિલ્લાના ધારાસભ્યો, મેયર અને સંગઠનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓને સતત જનસંપર્ક જાળવી રાખવા અને વિકાસમૂલક કાર્યોને જનતા સુધી પહોંચાડવા માર્ગદર્શન અપાયું હતું. ત્રણ દિવસ સુધી ચાલનારા આ પ્રશિક્ષણ વર્ગમાં વિવિધ સત્રો દ્વારા કાર્યકર્તાઓને સંગઠનાત્મક તાલીમ આપી પક્ષના માળખાને વધુ સુદ્રઢ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# આણંદ: ૧૦મીથી બાળકોને કૃમિનાશક ગોળીઓ અપાશે

**જિલ્લામાં ૧૭મીએ** વંચિત બાળકો માટે મોપ-અપ રાઉન્ડ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદ જિલ્લાના બાળકોના સર્વાંગી સ્વાસ્થ્ય અને પોષણ સ્તરને સુધારવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીના માર્ગદર્શન હેઠળ આગામી ૧૦ ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ 'નેશનલ ડી-વોર્મિંગ ડે' ની ઉજવણી કરવામાં આવશે. આ અભિયાન હેઠળ જિલ્લાના અંદાજિત ૬.૩૦ લાખ બાળકોને કૃમિ નિયંત્રણ માટેની ગોળીઓ ખવડાવવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, કૃમિના ચેપથી બાળકોમાં આયર્નની ઉણપ સર્જાય છે જે પાંડુરોગ (એનિમિયા) માં પરિણમે છે. આ અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસમાં ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને કૃમિનાશક ગોળીઓ આપવામાં આવે છે. જે બાળકો ૧૦ ઓગસ્ટે કોઈ કારણસર દવાનો લાભ લેવાથી વંચિત રહી જશે, તેમના માટે ૧૭ ઓગસ્ટે 'મોપ-અપ રાઉન્ડ' નું વિશેષ આયોજન કરાયું છે.

આ અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લાની તમામ આંગણવાડીઓ, સરકારી અને ખાનગી શાળાઓ તેમજ કોલેજોને સાંકળી લેવામાં આવી છે. શાળાએ ન જતા બાળકોને આશા બહેનો અને આંગણવાડી વર્કર દ્વારા પાયાના સ્તરેથી આવરી લેવાશે.

### ધરપકડથી બચવા માટે તે અગાઉ ઓરિસ્સા નાસી ગયો હતો

# નડિયાદમાંથી ગાંજાના જથ્થા સાથે નાસતો ફરતો શખ્સ ઝડપાયો

**નવસારી પોલીસના** ગુનામાં વોન્ટેડ પાસેથી 100 ગ્રામ ગાંજો મળ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ખેડા જિલ્લા એસઓજી પોલીસે નડિયાદ શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન એક સફળ કામગીરી કરીને નવસારી પોલીસના ગુનામાં નાસતા ફરતા એક શખ્સને માદક પદાર્થ ગાંજા સાથે દબોચી લીધો છે.

ખેડા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના એનડીપીએસ એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલો આરોપી મંજુરઈલાહી ઈમ્તિયાજઅલી સૈયદ નડિયાદના ગેબનશાહ પીરની દરગાહ પાસે



બ્લ્યુ કલરના એક્સેસ વાહન પર બેઠો છે. આ માહિતીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી ઘેરાબંધી કરી આરોપીને ઝડપી પાડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે ધરપકડથી બચવા માટે તે અગાઉ ઓરિસ્સા નાસી ગયો હતો અને ગત રોજ જ પરત આવ્યો હતો. તેની શારીરિક તપાસ દરમિયાન કમરે બાંધેલા કાળા કલરના પાઉચમાંથી 100 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની પુષ્ટિ એફએસએલના અધિકારીઓએ કરી હતી.

પોલીસને આરોપીના વાહનની ડિકીમાંથી વજન કરવા માટેનો નાનો ઈલેક્ટ્રિક કાંટો અને પ્લાસ્ટિકની નાની-મોટી કોથળીઓ પણ મળી આવી છે, જે તેના દ્વારા ગાંજાના છૂટક વેચાણની પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે. પોલીસે 5,000ની કિંમતનો ગાંજો, વાહન અને અન્ય સાધનો મળી કુલ 55,500નો મુદ્દામાલ જપ્ત કરી નારકોટીક્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# આણંદમાં નોટબુકના માધ્યમથી ઘરે-ઘરે જળ સંરક્ષણનો મંત્ર પહોંચશે

**પાંચ હજાર** વિદ્યાર્થીએ પાણી બચાવવા અને પર્યાવરણ જાળવણીના શપથ લીધા

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદ જિલ્લાની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા પાંચ જેટલા વિદ્યાર્થીઓ હવે જળ સંરક્ષણના મુખ્ય દૂત બનીને સમાજમાં જાગૃતિ ફેલાવશે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના વિશેષ અભિયાન હેઠળ, વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસ જ નહીં પરંતુ જળ સંચયના પાઠ ભણાવવા માટે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં નોટબુકના વિતરણ દ્વારા જળ સંરક્ષણનો સંદેશ છેવાડાના ઘર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જળ સંરક્ષણના આહવાનને વેગ આપવા માટે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ આણંદમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પહેલ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચાના કારોબારી સભ્ય નિપા પટેલ દ્વારા જિલ્લાની સરકારી શાળાઓમાં પાંચ હજાર વિદ્યાર્થીઓને વિશેષ સંદેશ ધરાવતી નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં 'કેચ ધ રેઈન' (વરસાદી પાણીનો સંગ્રહ) અંગે જાગૃતિ લાવવાનો છે. આ નોટબુક પર પાણી બચાવવા અને તેનું જીવનમાં મહત્વ સમજાવતા સંદેશાઓ છાપવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓ જ્યારે ઘરે અભ્યાસ કરે ત્યારે વાલીઓ પણ જળ સંચય માટે પ્રોત્સાહિત થાય.

આ અંગે નિપા પટેલે જણાવ્યું હતું કે, ભાવિ પેઢી પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ સમજે તે ખૂબ જરૂરી છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પાણીનો બગાડ અટકાવવા, વરસાદી પાણીના સંગ્રહ અને સ્વચ્છતા તેમજ પર્યાવરણની જાળવણી માટે સામૂહિક સંકલ્પ લીધા હતા. નોંધનીય છે કે, કેન્દ્રીય મંત્રી દ્વારા તમામ સરકારી ઈમારતો અને શાળાઓમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ ફરજિયાત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225